# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 20-03-2025 Day : Thursday Morning : 6.50 to 6.55 AM**

આકાશવાણી ભુજ સમાચાર **શિતલ વૈષ્ણવ** વાંચે છે.

---

## સુનીતા વિલિયમ્સ પૃથ્વી પર પરત

નેશનલ એરોનોટિક્સ એન્ડ સ્પેસ એડમિનિસ્ટ્રેશન -નાસાના અવકાશયાત્રી સુનીતા વિલિયમ્સ અને બુચ વિલ્મોર સ્પેસ એક્સ ક્રુ ડ્રેગન અવકાશયાન દ્વારા ગઈકાલે પૃથ્વી પર હેમખેમ પરત ફર્યા છે. તેમનું સ્પેસ એક્સ કેપ્સ્યુલ મેક્સિકોનાં અખાતમાં ઉતર્યું હતું. આ સાથે બંને અવકાશયાત્રીઓની નવ મહિના કરતા પણ વધુ સમયની કસોટી સમાપ્ત થઈ છે. બંને અવકાશયાત્રીઓની સાથે અમેરિકાના નિક હેગ અને રશિયન અવકાશયાત્રી એલેકઝાન્ડર ગોરબુનોવ પણ પૃથ્વી પર પરત ફર્યા છે.

સુનીતા વિલિયમ્સ અને વિલ્મોરે પૂર્વનિર્ધારિત કાર્યક્રમ કરતા 278 દિવસ વધુ એટલે કે 286 દિવસ અવકાશમાં પસાર કર્યા હતા. ચારેય અવકાશયાત્રીઓને ટેક્સાસના હ્યુસ્ટનમાં જોન્સન અવકાશ કેન્દ્ર લઈ જવામાં આવ્યા છે, જ્યાં મેડિકલ નિષ્ણાતો દ્વારા તેમની તપાસ કરવામાં આવશે.

રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સુનીતા વિલિયમ્સ સહિતનાં અવકાશયાત્રીઓને સકુશળ પરત લાવવા બદલ નાસાની ટીમને અભિનંદન પાઠવ્યા છે.

-----------------------------------------------------------------------

## વતન ઝુલાસણમાં ખુશીનો માહોલ

ભારતીય મૂળના અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સ પૃથ્વી પર સુરક્ષિત પરત ફર્યા બાદ તેમના વતન ઝુલાસણ સહિત સમગ્ર રાજ્યમાં ખુશીનો માહોલ છે. ચોતરફથી લોકો શુભેચ્છા પાઠવી રહ્યા છે. મૂળ મહેસાણા જિલ્લાના ઝુલાસણ ગામના સુનિતા વિલિયમ્સને રાષ્ટ્રપતિ, પ્રધાનમંત્રી, રાજ્યના મુખ્યમંત્રી સહિત અનેક લોકોએ દેશનું ગૌરવ ગણાવ્યા હતા. વતન ઝુલાસણમાં તેમના માટે ધૂન અને ભજનનું આયોજન કરાયું હતું. તેમના સંબંધી દિનેશ રાવલે કહ્યું કે સુનિતા બાળપણથી જ નીડર અને હિંમતવાન હતી.

---------------------------------------------------------------------------------------

## BHIM-UPI વ્યવહારો

સરકારે ઓછા મૂલ્યનાં BHIM-UPI વ્યવહારો માટેની પ્રોત્સાહન યોજનાને મંજૂરી આપી છે. આ યોજનાનો અમલ એક હજાર 500 કરોડ રૂપિયાનાં અંદાજિત રોકાણ સાથે કરવામાં આવશે.

કેન્દ્રીય મંત્રીમંડળનાં નિર્ણયો અંગે પત્રકારોને માહિતી આપતા માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે, આ યોજનાથી નાના વેપારીઓ વધારાના ખર્ચ વગર યુપીઆઇ સેવાઓ પ્રાપ્ત કરી શકશે. તેમણે જણાવ્યું કે, નાના વેપારીઓને બે હજાર રૂપિયા સુધીનાં યુપીઆઇ વ્યવહારો માટે 0.15 ટકાનું વળતર આપવામાં આવશે.

---------------------------------------------------------------------------------------

## ગુનાહિત પ્રવૃતિઓ કરતી વ્યક્તિઓની યાદી

રાજ્ય પોલીસ વડાના આદેશ અંતર્ગત પોલીસે ગુનાહિત પ્રવૃતિઓ કરતાં કુલ 7 હજાર 612 વ્યક્તિઓની યાદી તૈયાર કરી છે. જેમાં 3 હજાર 264 બુટલેગર, 516 જુગાર, 2 હજાર 149 શરીર સંબંધી, 958 મિલકત સંબંધી, 179 માઈની અને 545 અન્ય અસામાજિક પ્રવૃતિ કરતાં વ્યક્તિઓ પર વોચ રાખી તેમના ગેરકાયદેસરના દબાણો, ગેરકાયદેસર વીજ જોડાણો, શંકાસ્પદ આર્થિક વ્યવહારોની તપાસ કરાશે.

---------------------------------------------------------------------------------------

## UCC માટેની સમય મર્યાદા

સમાન નાગરિક સંહિતા અંગે રચાયેલી સમિતિમાં સૂચનો મોકલવાની સમયમર્યાદા આગામી 15 એપ્રિલ સુધી મોકલી શકાશે. ત્યારે સમાન નાગરિક સંહિતા સમિતિના અધ્યક્ષ ન્યાયમૂર્તિ રંજના દેસાઈએ ગુજરાતવાસીઓને UCC અંગે સૂચનો મોકલી આપવા અપીલ કરી છે.

---------------------------------------------------------------------------------

## વિશ્વ ચકલી દિવસ

આજે વિશ્વ ચકલી દિવસ છે. ચકલીઓ વિશે લોકજાગૃતિ અને સંરક્ષણ માટે દર વર્ષે 20મી માર્ચે વિશ્વ ચકલી દિવસ ઉજવવામાં આવે છે, જેની શરૂઆત 2010માં પક્ષી સંરક્ષણ સંસ્થા નેચર ફોરએવર દ્વારા કરવામાં આવી હતી. ચકલી ઇકોલોજીકલ સંતુલન જાળવવામાં આવશ્યક ભૂમિકા ભજવે છે, તેઓ વિવિધ જીવાતોને ખાઈને જંતુઓની વસ્તીને નિયંત્રિત કરવામાં મદદ કરે છે. કચ્છમાં હાઉસ સ્પેરો એટલે ઘર ચકલી, જે આપણી આસપાસ આસાનીથી જોવા મળે જ છે. સ્પેનિશ સ્પેરો, જે વિલાયતી ચકલીથી પણ ઓળખાય છે. તે અને સિન્ધ સ્પેરો જે ગુજરાતીમાં સિંધની ચકલી નામે ઓળખાય છે યેલ્લો થ્રોટેડ સ્પેરો, જે પહેલવાન ચકલીના નામે ઓળખાય છે, જે બન્નીમાં વધુ જોવા મળે છે.

---------------------------------------------------------------------------------

## રાજ્યમાં તબીબોની ભરતી

રાજ્યની હોસ્પિટલમાં તબીબોની ઘટ નજીકના સમયમાં ભૂતકાળ બનશે. વિધાનસભામાં આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે રાજ્યમાં વર્ગ-2ની એક હજાર 921 અને  સ્ટાફનર્સ વર્ગ-3 ની એક હજાર 903 જગ્યાઓ માટે ભરતી પ્રક્રિયા ચાલી રહી છે.

---------------------------------------------------------------------------------

## હવામાન

ત્રણ દિવસ બાદ રાજ્યભરમાં લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં બે થી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો વધારો થશે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર પવનની દિશા બદલાતા ગરમીનું પ્રમાણ વધશે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે જણાવ્યું કે આગામી ત્રણ દિવસ રાજ્યનાં તાપમાનમાં નોંધપાત્ર ફેરફારની શક્યતા નહિવત છે. ત્યારબાદ તાપમાનમાં વધારો થશે.

---